
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૧૧ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૧, સોમવાર; આસો સુદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હી સહિત ચાર રાજયોમાં વિજ સંકટની આશંકા



નવીદિલ્હી,તા.૧૦

દુનિયાભરમાં કોલસાની અછતના કારણે ભારતમાં પણ કોલસાથી ચાલતા પાવર પ્લાન્ટ્સ પર તેની અસર જોવા મળી રહી છે જેના કારણે વીજ સંકટ પેદા થવાની આશંકા છે.દેશના ઘણા રાજ્યોમાં એક સાથે કોલસાની અછત સર્જાતાં વીજ સંકટ પેદા થવાની આશંકા છે એવામાં રાજ્ય સરકારોની ઊંઘ હરામ થઈ ગઈ છે. શનિવારે અરવિંદ કેજરીવાલે પીએમ મોદીને પત્ર લખીને આ મામલે દખલગીરી કરવા માટે મદદ માંગી છે આ સિવાય પંજાબનાં મુખ્યમંત્રીએ પણ કેન્દ્ર સરકારને કોલસો આપવા માટે અપીલ કરી છે.

દિલ્હીના ઉર્જા મંત્રી જૈને કહ્યું હતું કે જો કોલસો આપવામાં નહીં આવે તો બે જ દિવાસમાં આખી દિલ્હીમાં બ્લેક આઉટ થઈ જશે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ આ મામલે પીએમ મોદીને પત્ર લખીને મદદની માંગ કરી છે. બિહારના વિપક્ષના નેતા તેજસ્વી યાદવે ટ્વિટ કરીને કહ્યું કે ડબલ એન્જિન સરકારની બેદરકારીનાં કારણે સંકટ ઊભું થયું છે અને બિહારમાં ટ્રિપલ નુકસાન થઈ રહ્યું છે, જ્યાં જુઓ ત્યાં ટ્રબલ જ ટ્રબલ છે.

યુપીમાં વીજ સંકટ મામલે ઉર્જા મંત્રી શ્રીકાંત શર્માએ બે દિવસ પહેલા કહ્યું હતું કે જુદા જુદા કારણોથી કોલસાની કમી સર્જાઇ છે જેના કારણે વીજળીનું સંકટ ઊભું થયું જેનું મને દુઃખ છે. કોલસો મેળવવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

તમિલનાડુમાં કોલસાની કમીને લઈને વિપક્ષી નેતાઓ સવાલ ઉઠાવી રહ્યા છે. એઆઈએડીએમકે નેતાઓએ દ્રસ્દ્ર સરકારને કેન્દ્ર સરકાર સાથે વાતચીત કરવા માટે આગ્રહ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોલસાની કોઈ જ કમી નથી : કેન્દ્રીય ઉર્જા મંત્રી

**દિલ્હીમાં વીજળી સંકટ નહીં : આરકે સિંહ - આ પેનિક માત્ર એક મેસેજને કારણે થયું છે, ટાટાના સીઈઓએ કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે**

નવી દિલ્હી, તા.૧૦

દેશમાં મોટા વીજળી સંકટની આશંકા પર કેન્દ્રીય ઉર્જા મંત્રી આરકે સિંહે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, દેશમાં કોલસાની કમી નથી. આ વાતને કારણ વગર આગળ વધારવામાં આવી રહી છે. ઉર્જા મંત્રી આરકે સિંહે કહ્યુ કે કાલે (શનિવાર) એ સાંજે દિલ્હીના ઉપરાજ્યપાલ સાથે વાત કરી. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પીએમ નરેન્દ્ર મોદીનેને પત્ર મોકલ્યો છે. મેં તેમને કહ્યુ કે, વીજળી ઉપલબ્ધ છે અને ઉપલબ્ધ રહેશે. આજે અમે બેઠક બોલાવી હતી. દિલ્હીમાં વીજળીની આપૂર્તિ પૂરી છે અને આગળ પણ થતી રહેશે. આરકે સિંહે કહ્યુ કે, કોઈ આધાર વગર પેનિક થયું કારણ કે એક મેસેજ ચાલ્યો ગયો. તે મેસેજ ય્છૈં-એ મોકલ્યો હતો કારણ કે કોન્ટ્રાક્ટ પૂરો થઈ રહ્યો હતો. અમે કહ્યું કે આપૂર્તિ કરતા રહીશું ભલે ઈમ્પોર્ટેડ ગેસ કેમ ન હોય? દેશભરમાં ગેસ ઉપલબ્ધ કરાવીશું. કોઈ કમી ન હતી અને ન થશે.



તેમણે આગળ કહ્યુ કે સંકટ ક્યાંય નહતું, તે બનાવવામાં આવ્યું છે. ટાટાના સીઈઓએ ચેતવણી આપી કે જો આવા પ્રકારના નિરાધાર મેસેજ મોકલવામાં આવ્યા તો કાર્યવાહી થશે. જેટલો સ્ટોક ઉપલબ્ધ થઈ રહ્યો છે તેનાથી વધુ આવી રહ્યો છે. પ્રહ્લાદ જોશી સાથે સતત વાત થઈ રહી છે. ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

ઉર્જા મંત્રીએ કહ્યુ કે, મુખ્યમંત્રી કેજરીવાલે પત્ર લખ્યો છે પરંતુ આવી કોઈ સમસ્યા નથી. કોલસો જેટલો જરૂરી છે, ત્યાં એટલો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. ડિમાન્ડ વધી છે એટલે આપણી ઈકોનોમી વધી રહી છે. તે વાતની અમને ખુશી છે.

# દેશમાં ૯૫ કરોડથી વધુનું વેક્સિનેશન

**કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ જાણકારી આપી : એક દિવસમાં આશરે એક કરોડ વેક્સિનના ડોઝ આપવામાં આવી રહ્યાં છે**

નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ટ્વીટ કર્યુ કે, ભારતે ૯૫ કરોડ વેક્સિનના ડોઝના લક્ષ્યને પૂરો કરી લીધો છે. એક દિવસમાં આશરે એક કરોડ વેક્સિનના ડોઝ આપવામાં આવી રહ્યાં છે. દેશમાં કોરોના રસીકરણ અભિયાને અડધુ અંતર કાપી લીધુ છે. ૩૧ ડિસેમ્બર સુધી બધા વયસ્કોના રસીકરણના લક્ષ્યના હિસાબે જોઈએ તો આગામી પોણા ત્રણ મહિનામાં લગભગ અડધો રસ્તો કાપવાનો છે. લક્ષ્યને પૂરો કરવા માટે શનિવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ૧૯ રાજ્યોની સાથે બેઠક કરી હતી.

દેશમાં ૧૮ વર્ષની વધુ ઉંમરના લોકોની વસ્તી લગભગ ૯૪ કરોડ છે. પ્રતિ વ્યસ્કને બે ડોઝના હિસાબથી બધા વયસ્ક લોકોને રસીકરણ માટે ૧૮૮ કરોડ ડોઝ લગાવવાની જરૂર છે. લક્ષ્યને પૂરો કરવા માટે રાજ્યોએ એવરેજ દરરોજ ૧.૧૪ કરોડ ડોઝ લગાવવા પડશે. સ્વાસ્થ્ય વિભાગના એક અધિકારીએ કહ્યું કે, રાજ્ય સરકારો જેટલા ડોઝ લગાવવા ઈચ્છે, એટલા ડોઝ ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે. પરંતુ ડોઝની ઉપલબ્ધતા છતાં રાજ્યોમાં રસીકરણની ગતિ વધી રહી નથી. દેશમાં અત્યાર સુધી લગભગ ૭૨ ટકા વયસ્ક વસ્તીને એક ડોઝ લાગ્યો છે અને લગભગ ૨૫ ટકા વયસ્કને બંને ડોઝ.

દેશમાં ઝડપી રસીકરણને કારણે કોરોનાની ગતિ પર ધીમે-ધીમે બ્રેક લાગી રહ્યો છે. ધીમી થતી ગતિ વચ્ચે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૮૧૬૬ કેસ સામે આવ્યા છે. આ સંખ્યા છેલ્લા ૨૧૪ દિવસમાં સૌથી ઓછી છે. છેલ્લા ૨૪ કલાકમાં મહામારીને કારણે ૨૧૪ લોકોના મોત થયા છે. આ દરમિયાન ૨૩૬૨૪ લોકો સાજા થયા છે. ત્યારબાદ દેશમાં અત્યાર સુધી રિકવર થયેલા લોકોના આંકડો ૩,૩૨,૭૧,૯૧૫ થઈ ગયો છે.



## ટી-૨૦ વિશ્વકપની પ્રાઈઝ મનીની ICCએ કરી જાહેરાત

**વિજેતા ટીમને ટ્રોફી સાથે ૧૨ કરોડ રૂપિયા મળશે : ટૂર્નામેન્ટ જીતનારી ટીમને ૧.૬ મિલિયન અને રનરઅપ રહેનારી ટીમને ૮ લાખ ડોલર (લગભગ ૬ કરોડ) મળશે**

દુબઈ, તા.૧૦

૧૭ ઓક્ટોબરથી યૂએઈ અને ઓમાનની ધરતી પર શરૂ થઈ રહેલ ટી૨૦ વિશ્વકપનીની પ્રાઇઝ મનીની આઈસીસીએ જાહેરાત કરી છે. ટૂર્નામેન્ટ જીતનારી ટીમને ૧.૬ મિલિયન (લગભગ ૧૨ કરોડ) અને રનરઅપ રહેનારી ટીમને ૮ લાખ ડોલર (લગભગ ૬ કરોડ) રૂપિયા મળશે. એટલે કે પાંચ વર્ષ બાદ રમાનારી આ ટૂર્નામેન્ટમાં ટીમ પર પૈસાનો વરસાદ થવાનો છે. ટૂર્નામેન્ટની પ્રથમ મેચમાં ઓમાનનો સામનો પાપુઆ ન્યૂ ગિની સામે થવાનો છે અને ટૂર્નામેન્ટનો ફાઇનલ મુકાબલો ૧૪ નવેમ્બરે દુબઈ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે.

તો ટી૨૦ વિશ્વકપમાં સેમિફાઈનલ સુધીની સફર કરનારી ટીમને લગભગ ૩ કરોડ રૂપિયા મળશે. આ સાથે આઈસીસી સુપર ૧૨ સ્ટેજમાં દરેક મુકાબલો જીતવા પર ટીમને બોનસ મળવાનું પણ જારી રહેશે.

ભારત વિશ્વકપમાં પોતાની પ્રથમ મેચ ૨૪ ઓક્ટોબરે પાકિસ્તાન સામે રમશે. ત્યારબાદ ટીમ ૩૧ ઓક્ટોબરે ન્યૂઝીલેન્ડ અને ૩ નવેમ્બરે અફઘાનિસ્તાન સામે ટકરાશે. ટીમ ઈન્ડિયાએ ૨૦૦૭માં આ ટ્રોફી પર કબજો કર્યો હતો અને ૨૦૧૪માં ટીમ ફાઈનલમાં પહોંચી હતી. આ વખતે વિશ્વકપમાં કુલ ૨૦ ટીમ ભાગ લઈ રહી છે.

ભારત આ વખતે ટી૨૦ વિશ્વકપની યજમાની કરી રહ્યુ છે અને વિરાટની આગેવાનીમાં ટીમ ટાઈટલની પ્રબળ દાવેદાર છે.

## તહેવારોમાં આતંકવાદીઓના નિશાને દિલ્હી : હાઈઅલર્ટ જાહેર

**લોકલ અપરાધી, ગેંગસ્ટર આવા હુમલાઓ માટે આતંકીઓની મદદ કરી શકે છે. : દિલ્હી પોલીસ કમિશ્નર**

નવીદિલ્હી,તા.૧૦

દેશની રાજધાની દિલ્હીમાં સુરક્ષાને લઈને હાઈ અલર્ટ આપી દેવામાં આવ્યું છે. તહેવારોને જોતાં દિલ્હીમાં આતંકવાદી હુમલો થવાની આશંકા છે જેન લઈને ગુપ્તચર એજન્સીઓ દ્વારા મળેલા ઈનપુટ બાદ દિલ્હી પોલીસને હાઈ અલર્ટ પર મૂકવામાં આવી છે. પોલીસે માર્કેટ, હોસ્ટેલ ગેસ્ટ હાઉસ પર નજર રાખવાની શરૂઆત કરી છે અને ભાડા પર રહેવા આવી રહેલા લોકોનું વેરિફિકેશન કરવામાં આવી રહ્યું છે.



આ સિવાય પોલીસ દ્વારા પેટ્રોલિંગ પણ કડક કરી દેવામાં આવી છે. નવરાત્રીથી જ દેશભરમાં તહેવારો શરૂ થાય છે થોડા દિવાસ બાદ દિવાળી આવશે. તહેવારોમાં મંદિરોમાં પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે એવામાં સુરક્ષાને લઈને ચુસ્ત બંદોબસ્ત કરવામાં દિલ્હી પોલીસ જોતરાઈ ગઈ છે.

હાઈ અલર્ટને લઈને દિલ્હી પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાએ એક હાઈ લેવલ બેઠક પણ કરી હતી જેમા આતંકવાદ સામેનાં પગલાઓ ચર્ચા કરવામાં આવી. આ સિવાય સ્થાનિકોની મદદથી કઈ રીતે ખતરાને ટાળી શકાય તેના પર પણ ચર્ચા કરવામાં આવી હતી. અસ્થાનાએ કહ્યું કે આવા આતંકવાદી હુમલા સ્થાનિકોની મદદ વગર શક્ય નથી. લૉકલ અપરાધી, ગેંગસ્ટર આવા હુમલાઓ માટે મદદ કરી શકે છે.

આ સિવાય વિવિધ સાયબર કેફે, ગેરેજ, પાર્કિંગ માટેની જગ્યાઓ પર નજર રાખવા માટે પણ આદેશ આપવામાં આવ્યા છે. આટલું જ નહીં વૉચમેન જેવા લોકો સાથે મળીને કઈ રીતે સુરક્ષાની વ્યવસ્થા કરી શકાય તે માટે પણ અસ્થાનાએ સૂચના આપી છે.

## કાશ્મીર ખીણમાં બિન-મુસ્લિમો ભયને કારણે સ્થળાંતર કરી રહ્યાં છે

**જ્યારે આપણે કાશ્મીરની સડકો પર ચાલીએ છીએ, ત્યારે આપણને એક જ વિચાર આવે છે કે કોઇ આપણને ગોળી મારી દેશે : નાગરિકો**

જમ્મુ,તા.૧૦

છેલ્લા કેટલાક દિવસોમાં કાશ્મીર ખીણમાં બિન-મુસ્લિમો પર આતંકવાદી હુમલામાં વધારો થવાને કારણે કેન્દ્રશાસિત પ્રદેશના લઘુમતીઓમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. એક તરફ કેન્દ્ર અને જમ્મુ -કાશ્મીર સરકાર વિસ્થાપિતોને સ્થાયી કરવાની વાત કરી રહ્યા છે, પરંતુ આતંકની નવી લહેરને કારણે ફરી સ્થળાંતર શરૂ થયું છે.

થોડા દિવસ પહેલા શિક્ષકો અને વેપારીઓ પર થયેલા હુમલાથી ગભરાયેલા, શીખ અને કાશ્મીરી પંડિત સમુદાય જમ્મુ પરત ફરી રહ્યા છે, જ્યાં બિન-મુસ્લિમોનું વર્ચસ્વ છે. શિક્ષકો સહિત અન્ય સરકારી કર્મચારીઓ જમ્મુ પરત ફરી રહ્યા છે અને કેટલાક લોકોએ ખીણની બહાર ટ્રાન્સફર કરવાની માંગ કરી છે.

શ્રીનગરમાં શિક્ષણ વિભાગમાં જુનિયર આસિસ્ટન્ટ સુશીલ શુક્રવારે અચાનક જમ્મુ પાછો ફર્યો. તેમણે કહ્યું કે અમે કાશ્મીરથી બાઈક પર ભાગી ગયા છીએ. શ્રીનગરમાં એક શીખ મહિલા આચાર્ય અને એક કાશ્મીરી હિન્દુ શિક્ષકની હત્યા બાદ આવી પરિસ્થિતિ સર્જાય છે. એક અહેવાલ મુજબ, સુશીલે કહ્યું, "જ્યારે આપણે કાશ્મીરની સડકો પર ચાલીએ છીએ, ત્યારે આપણને એક જ વિચાર આવે છે કે જે આપણી તરફ કોઈ જોઈ રહ્યું છે અને તે આપણને ગોળી મારી દેશે."

## આશીષ મિશ્રાના રિમાન્ડની પોલીસની કોર્ટ સમક્ષ અરજી

**આશીષ મિશ્રા પર આરોપ લગાયો છે કે તે લખીમપુર ખીરીમાં ૪ કિસાનોને કચડનાર વાહનોમાંથી એકમાં હતો**

લખનઉ, તા.૧૦

લખીમપુર ખીરીમાં સાત દિવસ પહેલા થયેલી હિંસામાં ચાર કિસાનોની સાથે કુલ ૮ લોકોના મોત થયા હતા. આ હિંસાના મુખ્ય કથિત આરોપી આશીષ મિશ્રાની શનિવાર ધરપકડ બાદ હવે પોલીસની સક્રિયતા વધી છે. પોલીસ હવે કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી અજય મિશ્રાના પુત્ર મોનીની પૂછપરછ માટે રિમાન્ડ લેવાના પ્રયાસમાં છે. પોલીસ તેને લઈને સોમવારે રિમાન્ડ મેજિસ્ટ્રેટની સમક્ષ પોતાની અરજી પણ કરશે.

લખીમપુર ખીરી ક્રાઈમ બ્રાન્ચની ટીમ સોમવારે લખીમપુર ખીરીની એક કોર્ટમાં આશીષ મિશ્રા ઉર્ફે મોનૂના રિમાન્ડ માટે એક અરજી દાખલ કરશે. પોલીસનો પ્રયાસ આ હિંસાના મામલામાં હકીકત સામે લાવવાનો છે. આશીષ મિશ્રાને કાલે રાત્રે ધરપકડ બાદ ન્યાયીક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે.

ઉત્તર પ્રદેશના એડીજી લો એન્ડ ઓર્ડર પ્રશાંત કુમારે જણાવ્યુ કે, લખીમપુર ખીરી પોલીસે કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રાના પુત્ર આશીષ મિશ્રાને કસ્ટડીમાં લેવા માટે અરજી કરી છે. અમારો પ્રયાસ છે કે આશીષની કસ્ટડી લઈને ત્રણ ઓક્ટોબરની ઘટના વિશે પૂછપરછ કરીએ. આશીષ મિશ્રાના નામે એફઆઈઆર નોંધાયેલી છે. જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે તે લખીમપુર ખીરીમાં ચાર કિસાનોને કચડનાર વાહનોમાંથી એકમાં હતો.

લખીમપુર ખીરી હિંસાના પ્રકરણમાં આશરે સાત દિવસ બાદ આશીષ મિશ્રાની સાથે અન્ય બેની ધરપકડ બાદ હવે બધાની નગર પોલીસની આગામી કાર્યવાહી પર છે. લોકોનું કહેવુ છે કે આશીષ ઘણા ફોન રાખે છે. આ કેસની તપાસ કરી રહેલી પોલીસની ટીમે હજુ સુધી તેના ફોન વિશે કોઈ માહિતી જાહેર કરી નથી. લખીમપુર ખીરીમાં ૧૨ કલાકથી વધુ સમય સુધી પૂછપરછ બાદ શનિવારે હત્યાના આરોપમાં આરોપી આશીષ મિશ્રાની ધરપકડ કરી હતી. લખીમપુર ખીરી હિંસા મામલામાં મંત્રીના પુત્ર અને અન્ય વિરુદ્ધ નોંધાયેલા કેસની તપાસ માટે અગ્રવાલના નેતૃત્વમાં નવ સભ્યોની એસઆઈટીની રચના કરવામાં આવી છે.

## રશિયાના તાતારસ્તાનમાં વિમાન દુર્ઘટના : ૧૬ના મોત

**વિમાનમાં પેરાશૂટ ડાઈવર્સ સવાર હતા, આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે સાત ઘાયલોમાંથી એકની હાલત ગંભીર છે**




રશિયા, તા.૧૦

રશિયાના તાતારસ્તાનમાં રવિવારે વિમાન દુર્ઘટનામાં ૧૬ લોકોના મોત થયા હતા અને ૭ ઘાયલ થયા હતા.

ઈમરજન્સી સર્વિસે સ્પુટનિકને જણાવ્યું કે ૭ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બાકીના ૧૬ જીવિત હોવાના કોઈ સંકેત નથી. કટોકટી મંત્રાલયે કહ્યું કે વિમાનમાં પેરાશૂટ ડાઈવર્સ સવાર હતા. સ્થાનિક આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે સાત ઘાયલોમાંથી એકની હાલત ગંભીર છે.

આ વિમાન લેટ ન-૪૧૦ ટર્બોલેટ હતું, જે બે એન્જિનવાળા ટૂંકા અંતરનું પરિવહન વિમાન હતું. તાજેતરના વર્ષોમાં રશિયન ઉડ્ડયન સલામતીના ધોરણોમાં સુધારો થયો છે, પરંતુ દૂરના વિસ્તારોમાં જૂના વિમાનો પર અકસ્માતો ઘટ્યા નથી.

## તાઈવાનના મામલે અમેરિકા અને ચીન વચ્ચે વધતો તણાવ

**એક નાનું કાર્ય આ બે દેશો વચ્ચે ભયંકર યુદ્ધ તરફ દોરી શકે છે**

બીજીંગ,તા.૧૦

તાઈવાનને લઈને અમેરિકા અને ચીન વચ્ચે તણાવ વધી રહ્યો છે. અમેરિકાની ચેતવણી બાદ ચીને પણ આગ સાથે ન રમવાની સલાહ આપી છે.ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે તાઈવાનને ફરી પોતાના દેશનો ભાગ બનાવવાની જોરદાર હિમાયત કરી છે. તેમણે કહ્યું કે તાઈવાનનો પ્રશ્ન ટૂંક સમયમાં ઉકેલાઈ જશે અને તેનું શાંતિપૂર્ણ સંકલન બંને દેશોના હિતમાં છે. તેમણે ઈશારામાં અમેરિકાને ધમકી આપતા કહ્યું કે તાઈવાનના મુદ્દે કોઈપણ પ્રકારની વિદેશી દખલ સ્વીકાર્ય નથી. માત્ર બે દિવસ પહેલા એક અહેવાલ આવ્યો હતો કે યુએસ આર્મીના ખાસ કમાન્ડો તાઈવાનમાં હાજર છે અને તાઈવાનની સેનાને તાલીમ આપી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગત ૧ ઓક્ટોબર એટલે કે ચીનનો રાષ્ટ્રીય દિવસ, ૨૫ ફાઇટર એરક્રાફ્ટ, બોમ્બર્સ અને ચાઈનીઝ એરફોર્સના અન્ય વિમાનોએ તાઈવાની એરસ્પેસનું ઉલ્લંઘન કર્યું હતું. હદ ત્યારે પહોંચી હતી જ્યારે ચીનના ૫૬ વિમાનો એક સાથે તાઈવાનની સરહદમાં પ્રવેશ્યા હતા. તે તાઈવાનમાં ચીની લડાકુ વિમાનોની સૌથી મોટી આક્રમણ હતું. આ દરમિયાન તાઈવાનની વાયુસેનાના વિમાનો પણ ચીનના લડવૈયાઓ સાથે સામસામે આવી ગયા હતા.

અમેરિકા પણ તાઈવાનના મુદ્દે ચૂપ નથી બેસી રહ્યું અને ચીનને સ્પષ્ટ ચેતવણી આપી છે. અમેરિકાએ કહ્યું કે ચીનની ઉશ્કેરણીજનક લશ્કરી પ્રવૃત્તિ "પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા" ને નબળી પાડે છે. આ હોવા છતાં, ચીને તેની ક્રિયાઓ ચાલુ રાખી. ચીને અમેરિકાને તાઈવાનને કોઈપણ લશ્કરી હથિયારો વેચવા અને તાલીમ આપવાથી દૂર રહેવાનું પણ કહ્યું છે. આ પહેલા પણ ચીને અમેરિકાને ચેતવણી આપી હતી ઘણી વખત આગ સાથે ન રમવું. થોડા દિવસો પહેલા જ્યારે એક ચીની વિમાન તાઈવાનની હવાઈ સીમામાં પ્રવેશ્યું ત્યારે તાઈવાનના એર ટ્રાફિક કંટ્રોલએ તેને રેડિયો દ્વારા ચેતવણી આપી હતી.

અમેરિકરાના ભૂતપૂર્વ મદદનીશ વિદેશ મંત્રી ડેની રસેલે જણાવ્યું હતું કે ચીન અને તાઈવાનની વચ્ચે ઉત્પન્ન થતો તણખો ગમે ત્યારે મોટી આગનું સ્વરૂપ લઈ શકે છે.